# આવો, બાળદિનને બાળક બનીને ઉજવીએ

ગાંધીનગર, તા. ૧૩

દર ૧૪મી નવેમ્બરના રોજ ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂના જન્મદિને 'બાળદિન' ઉજવવામાં આવે છે. નહેરૂજીને



બાળકો પ્રત્યે ખૂબ જ લગાવ હોવાથી તેમના જન્મ દિવસને બાળદિન તરીકે દેશમાં વિવિધ સ્થળોએ બાળકોને પ્રાધાન્ય આપતાં વિવિધ કાર્યક્રમો તથા સંબોધનોનું આયોજન કરવામાં આવે છે.

બાળકોના પ્રિય એવા 'નહેરૂચાચા'ના જન્મ દિવસે સરકાર અને સત્તાધીશો બે-ચાર સારી વાતો કરી, વક્તવ્ય આપી તથા જાહેરાતો કરીને ઉજવણી કરે છે, પરંતુ જેમ વૃક્ષારોપણ કર્યા બાદ કુમળા છોડને પાણી કે ખાતર આપવામાં ન આવે તો તે સુકાઈ જાય તેવી જ રીતે બાળકોની પણ સ્થઈતિ જોવાં મળતી હોય છે, પરંતુ સરકાર અને સત્તાધીશો ખરી વાતને પ્રાધાન્ય આપવાને બદલે ઉજવમીનાં ભાગરૂપે પોતાની જાહેરાતો કરવામાં જ મસ્ત બની રહે છે.

બાળ મજૂરી નાબુદ કરતો કાયદો હોવાં છતાં આપણને રસ્તા કે બજારમાં, લારી કે ગલ્લા પર અથવા રેસ્ટોરન્ટમાં છૂટક મજુરી કરતા બાળકો જોવા મળે છે. તે સિવાય જરીકામ, સાયકલ-સ્કૂટર કે અન્ય વાહનોના ગેરેજમાં મજૂરીકામ કરતાં બાળકો પમ નજરે પડે છે. બાળકોનું બાળપણ છીનવાઈને તેમને બોજારૂપ જવાબદારીઓ કે કામ આપવામાં આવતુ હોય છે, પરંતુ આવી ગેરકાયદેસર બાબતોની ચર્ચા કરી તેને હટાવવાને બદલે સરકાર અને અન્ય સત્તાધીશો માત્ર સારા મંતવ્યોમાં જ રસ ધરાવે છે. ખરા અર્થમાં કહીએ તો બાળમજૂરી નાબૂદ કાયદાનો અમલ તો થયો જ નથી.

આ ઉપરાંત બીજી બાજુ નજર કરીએ તો બાળકોનાં શિક્ષણ માટે મફત અને ફરજિયાત





સ્વચ્છ ગાંધીનગર - ગંદકી અને દબાણ ગાંધીનગર માટે સોનાની થાળીમાં લોઢાની મેખ જેવા છે... વિકસતું ગાંધીનગર, હરિયાળું ગાંધીનગર, સોલાર સિટી, બગીચાનું શહેર વિગેરે વિગેરે ઓળખ ધરાવતું સંસ્કૃતિ અને પ્રકૃતિની ગોદમાં ઉછરતા ગાંધીનગરને સ્વચ્છ અને સ્વસ્થ કરવા માટે દબાણ અને ગંદકી હટાવવાની અનિવાર્યતા દિન-પ્રતિદિન વધતી જાય છે... મહાનગરપાલિકા, જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્રના સંયુક્ત ઉપક્રમે નગરમાં બદીની માફક વિસ્તરતા દબાણોને હટાવવાની કામગીરી આરંભાઈ છે... પરિણામલક્ષી બને એમ નગરજનો ઈચ્છી રહ્યા છે... (તસવીર : દિપક જાની)

### લાચાર ચહેરે સર્કલે ઉભેલી મહિલાને લીફટ આપતા ચેતજો...!!

# લીફટ માંગીને વેરાન રસ્તે લઈ જઈ લુંટી લેતી મહિલા ગેંગ સક્રીય..!!

**સે-૨૨માં રહેતા એક વૃદ્ધ ભોગ બન્યા : દિકરો બિમાર છે, જલ્દી ઘરે પહોંચવુ છે કહીને મહિલાએ ચ-૫ સર્કલથી વૃદ્ધ પાસે લીફટ માંગી અને સે-૨૯ ઝાડીઓ તરફ લઈ જઈને વૃદ્ધનો દોરો લુંટી લીધો : મહિલાએ કપડા ફાડવાનું તરકટ શરૂ કરતાં વૃદ્ધ જગ્યા છોડીને ભાગ્યા..!**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના કેટલાક સર્કલ પર લાચાર અને દયામણા ચહેરે એકલી-અટુલી મદદની ઝંખના સાથે ઉભેલી અજાણી મહિલાને તમારા વાહનમાં લીફટ આપતા પહેલા જરાં ચેતજો...! શહેરમાં હવે એક નવી મહિલા ગેંગ સક્રિય થઈ છે. જે પોતાના ભોળા ચહેરાનો લાભ લઈ દયાળુ વાહનચાલકને શિકાર બનાવી રહી છે. કોઈ શિકાર હાથમાં આવી જાય તો તેને કોઈ ઈમોશનલ મનઘડત વાત કરીને ઘરે મુકી જવા આજીજી કરે...! જો વાહનચાલક વાતમાં આવી જાય તો વેરાન રસ્તે લઈ જાય અને તેને લુંટી લઈ બળાત્કાર કે છેડતીના આરોપમાં ફસાવી દેવાની ધમકી આપી પોતાના જ કપડા ફાડવાના તરકટ શરુ કરી દે છે. આ પ્રકારનો જ એક કિસ્સો સે-૨૨ના એક વૃધ્ધ સાથે બન્યો છે. જેમને ધરમ કરતાં ધાડ પડી છે.

બનાવની હકીકત એવી છે કે શહેરના સેકટર-૨૨માં રહેતા અને નિવૃત્તિના આરે આવેલા ૫૮ વર્ષીય વૃધ્ધ કર્મચારી ગઈ કાલે બપોરના સુમારે ઘરેથી બાઈક લઈને ઓફીસ જવા નીકળ્યા હતાં. ચ-૫ સર્કલે એક એક મહિલા સાવ લાચાર ચહેરે ઉભેલી લીફટની માંગણી કરી રહી હતી. વૃધ્ધને મહિલા પર દયા આવી અને બાઈક ઉભું રાખીને પુછયું કે શું થયું..? મહિલાએ કહ્યું કે મારા પતિ ઓફિસે છે..! મારો દિકરો ઘરે છે અને તે બિમાર પડી ગયો છે જલ્દીથી ઘરે પહોંચવું છે પણ રિક્ષા કે કોઈ વાહન

● અનુસંધાન પાન-૭ પર

# ઉદ્યાનોને પાણી સપ્લાય કરવા માટે પાઈપલાઈન નાંખવાનું કામ અટવાયું

## વનવિભાગની મંજુરીના અભાવે પાઈપલાઈનનું કામ વિલંબમાં

ગાંધીનગર, તા. ૧૩

શહેરના બગીચાઓની હરિયાળી બરકરાર રાખવા પાણી સપ્લાય કરવાની પાઈપલાઈનનું કામ અટવાયું છે. સરગાસણ ખાતે પાણી શુધ્ધિકરણ માટે કરોડોના ખર્ચે પ્લાન તૈયાર કરાયો છે. જ્યારે હાલ સ્વર્ણિમ પાર્કમાં પ્લાનના આધારે પાણી સપ્લાય કરવામાં આવે છે. પરંતુ બીજા તબક્કામાં અન્ય ઉદ્યાનોને પાણી સપ્લાય કરવાનું કામ અટવાયું છે. પાઈપલાઈનના કામ સંદર્ભે વન વિભાગકક્ષાએથી જરૂરી મંજુરી પણ અપાઈ નથી.

શહેરના ઉદ્યાનોની હરિયાળી સામે ખતરો મંડરાયો છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીની જરૂરીયાત ન સંતોષાતા આ બગીચાઓ ઉજ્જડ હાલતમાં જોવા મળે છે. આવા સંજોગોમાં બગીચાઓને પાણી સપ્લાય કરવાનું પણ સરકાર માટે ખર્ચાળ બન્યું છે. જેને અનુલક્ષી દુષિત પાણીને શુદ્ધ કરી ઉદ્યાનોને સપ્લાય કરવા સરગાસણ ખાતે પાણી સુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેના આધારે નગરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કને તાજો રાખવા પાણી સપ્લાય કરવામાં આવે છે. બીજી તરફ શહેરના અન્ય ઉદ્યાનોને આ યોજનાના આધારે પાણી સપ્લાય કરવા રૂ. ૭ કરોડના ખર્ચે પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવનાર છે. પાઈપલાઈન નાંખવાની સઘળી કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે પરંતુ આ પૈકી વન વિભાગ હસ્તકની જગ્યામાં પણ કામ કરવાનું થતુ હોવાથી તંત્ર દ્વારા વિભાગને મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ વન વિભાગ કક્ષાએથી મંજુરી ન અપાતા ઉદ્યાનોને આખરી સપ્લાય કરવા માટેની પાઈપ નાંખવાનું કામ હજુ સુધી શરૂ થઈ શક્યું નથી.

# આજથી જિલ્લાની શાળાઓમાં બાળ સ્વચ્છતા અભિયાન

**સ્વચ્છ વર્ગખંડો અંગે સ્પર્ધાનું આયોજન : તમામ પ્રકારની સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓમાં સુટેવો કેળવવા પ્રયાસ હાથ ધરાશે**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં આજથી બાળ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. જેમાં શાળા સંકુલની વિવિધ સ્તરે સફાઈ ઉપરાંત વિદ્યાર્થીઓમાં વ્યકિતગત સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવાય તેવા પણ પ્રયાસો હાથ ધરાશે. તા.૧૪ થી ૧૯ નવેમ્બર દરમિયાન બાળ સ્વચ્છતા અભિયાન અન્વયે વિદ્યાર્થીઓમાં આરોગ્ય અંગે સુટેવો કેળવાય તેની પણ કાળજી લેવાશે.

રાજયમાં તા. ૧૪ થી ૧૯ બાળ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે જે અન્વયે શાળાઓમાં 'સ્વચ્છ બાળક'નો અભિગમ કેળવવા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અને આરોગ્યલક્ષી જાગૃતિ કેળવાય તે માટે સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે. એક બાજુ શાળા આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો છે ત્યારે બાળ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળા સફાઈના મામલે પણ વિદ્યાર્થીઓમાં અવેરનેસ કેળવવા પ્રયાસો કરાશે. જેમાં શાળાના રમતગમત વિસ્તાર, વર્ગખંડો, લાયબ્રેરી, શૌચાલયોની સફાઈ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરનો અત્રિ જોષી આંતરરાષ્ટ્રીય થ્રો-બોલમાં ચેમ્પીયન

ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ધોરણ-૭માં



અભ્યાસ કરતો અત્રિ જગદીશ જોષીએ તાજેતરમાં કોલંબો ખાતે રમાયેલી આંતરરાષ્ટ્રીય થ્રો-બોલ સ્પર્ધામાં ચેમ્પીયન બની નગરનું ગૌરવ વધાર્યું છે. અત્રિ જોષી આ અગાઉ જિલ્લા, રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ ટુર્નામેન્ટમાં ભાગ લઈ ચુકયો છે.

થ્રો-બોલ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને થ્રો-બોલ ફેડરેશન ઓફ શ્રીલંકાના સંયુકત ઉપક્રમે તા. ૨૦ થી ૨૨ ઓકટોબર દરમિયાન શ્રીલંકાની રાજધાની કોલંબો ખાતે આ આંતરરાષ્ટ્રીય થ્રો-બોલ સીરીઝ ૨૦૧૪ યોજાઈ હતી. આ સીરીઝમાં ભારતની ટીમમાં ગાંધીનગરના ૧૧ વર્ષીય ખેલાડી અત્રિ જોષીની પસંદગી કરવામાં આવી હતી. અત્રિ જોષીએ પણ આ પંસદગીને સાર્થક ઠેરવતાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યુ હતુ અને સીરીઝમાં ચેમ્પીયન બન્યો હતો. આટલી નાની વયે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળકી તેણે ગુજરાત અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું. આ સીરીઝમાં ભારતની ટીમે ત્રણેય રસાકસી ભરેલી મેચમાં શ્રીલંકાને હાર આપી ચેમ્પીયનનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

થ્રો-બોલની રમત ભારતમાં પણ ઝડપથી લોકપ્રિય બની રહી છે. આ રમતને સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા, ઈન્ટરનેશનલ થ્રો-બોલ ફેડરેશન, સાઉથ એશિયન થ્રો-બોલ ફેડરેશન, થ્રો-બોલ ફેડરેશન ઓફ ઈન્ડિયા, ગુજરાત સરકાર અને થ્રો-બોલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ છે. ગાંધીનગરની અનેક શાળાઓમાં આ સ્પર્ધા રમાડવામાં આવે છે. અત્રિ જોષી ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ શાળામાં ધોરણ-૭માં અભ્યાસ કરે છે તેમના પિતા ડૉ. જગદીશ જોષી અમદાવાદ ખાતે ગુજરાત યુનિ.માં યુજીસી એએસીમાં નિયામક તરીકે ફરજ બજાવે છે જયારે તેમની માતા ડૉ. પ્રિયાંકીબેન વ્યાસ ગાંધીનગરની એલડીઆરપી કોલેજમાં લાયબ્રેરીયન તરીકેની ફરજ બજાવે છે. આ અદભૂત સફળતા માટે તેમના માતા પિતા ઉપરાંત તેમના અંગત કોચ અને આંતરરાષ્ટ્રીય ખેલાડી ઓમ જોષી, થ્રો-બોલ એસો. ઓફ ગુજરાતના જનરલ સેક્રેટરી ગૌતમ ડાભી, સમગ્ર ખેલાડીઓ તેજ ગુજરાત રાજય વતી અભિનંદન પાઠવ્યા હતા.




# પંચાયત સંકુલમાં સ્વચ્છતાના મોનીટરીંગ માટે સીસી ટીવીથી સર્વેલન્સ કરવાનો વ્યુહ

**તંત્ર એ કાર્યયોજના તૈયાર કરી સામાન્ય સભાની મંજુરી માટે તે રજુ કરતાં કર્મચારીઓમાં ગણગણાટ**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હવે સ્વચ્છતા મિશનના મોનીટરીંગ સહિત અનેકવિધ હેતુઓને ધ્યાને રાખી સી.સી.ટી.વી થી સર્વેલન્સ કરવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ માટે પંચાયત સંકુલમાં ૧૬ જેટલા સી.સી. કેમેરા ટીવી લગાડવામાં આવશે. આ કેમેરામાં થયેલા સર્વેલન્સના ફુટેજ સ્ટોરેજ માટે ૨ ટેરા બાઈટ હાર્ડ ડિસ્ક લગાવવાના અંદાજો તૈયાર કરી દેવામાં આવ્યા છે.

જેમાં ભોંયતળિયે ચાર કેમેરા પાર્કિંગ સહિત માટે પ્રથમ માળે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ચેમ્બરમાં ડોમ કેમેરા તેમજ દરેક માળે કેમેરા લગાવવાની યોજના છે.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત પંચાયત સંકુલની સફાઈ કરાયા બાદ રંગરોગાનની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. હવે પંચાયતમાં ગંદકી થતી અટકાવવા તેમજ સ્વચ્છતા ઝુંબેશનું અસરકારક મોનીટરીંગ થઈ શકે તે માટે આ સર્વેલન્સ નેટવર્ક ઉભું કરવાનું આયોજન છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારીઓની બેઠકમાં પણ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આવુ સૂચન કર્યું હતું. આ પછી તંત્ર એ સમગ્ર બાબતને ગંભીરતાથી લઈ આગળ વધવા માટે

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT · Kisan · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# જીઆઈડીસી એકતા લાઈન દ્વારા અનોખો સ્નેહમિલન યોજાયો

**તરછોડાયેલા, ત્યજાયેલા, એકલવાયા બાળકો, મહિલાઓ અને વડીલોને શહેરના ઉદ્યોગપતિઓ-વેપારીઓએ હેતપૂર્વક ભાવતા ભોજન પીરસ્યા**

ગાંધીનગર, તા.૧૩

આપણી આસપાસ, આપણા સમાજમાં એવા



ઘણા લોકો રહે છે જેઓ તરછોડાયેલા છે, એકલા છે અને તેમના કોઈ એવા સ્વજન નથી જેમની સાથે તેઓ તહેવારોની ઉજવણી કરી શકે સાથે મળીને જમી શકે મોજ મજા કરી શકે. આવા એકલવાયા, તરછોડાયેલાઓ માટે જીઆઈડીસીનીએકતા લાઈન દ્વારા અનોખો સ્નેહમિલન યોજાયો હતો. નગરના કેટલાક સેવાભાવીઓએ આવા એકલવાયા બાળકો, મહિલા અને વૃદ્ધોને પ્રેમ પૂર્વક જમાડી અનોખી સેવાભાવના અને લાગણી દર્શાવી હતી.

દિવાળી, બેસતાવર્ષ જેવા ઉત્સવોની ઉજવણી સ્નેહીજનો, કુટુંબીજનો મિત્રો સાથે કરવામાં આવે છે પરંતુ જરા વિચાર તો કરો કે એવા લોકો કે જેમના કોઈ સ્નેહીજન, મિત્રો કે કુટુંબીજનો નથી તેઓ તહેવારો, ઉત્સવોની ઉજવણી કેવી રીતે કરતાં હશે...! વૃધ્ધાશ્રમો, અનાથઆશ્રમો, ભિક્ષુક ગૃહ કે રીમાન્ડ હોમ જેવા સ્થળોએ રહેતા બાળકો, મહિલાઓ, વડીલોને તહેવારો, પ્રસંગોના અવસરે કોણ યાદ કરતું હશે! કોણ તેઓને હેતપૂર્વક જમાડતું હશે! તેઓ કોની સાથે વાતચીત કરતા હશે? આવા એકલવાયા, તરછોડાયેલાઓને યાદ કરી તેમના સાથે સ્નેહમિલનનું આયોજન ગાંધીનગરની એકતા લાઈન દ્વારા કરવામાં આવ્યું હતું. શહેરના જીઆઈડીસી વિસ્તારમાં યોજાયેલા આ અનોખા સ્નેહમિલન કાર્યક્રમમાં મુક બધિર શાળા, અંધશાળા, માનવસ્મૃતિ સંસ્થા-સરગાસણ, કૈલાસધામ, રાહીલના વૃધ્ધાશ્રમ, એચઆઈવી ગ્રસ્ત બાળકો, સ્મૃતિ વિકાસ સંસ્થા-પ્રાંતિયા, ભિક્ષુકગૃહ-ડભોડા, ઓબ્ઝર્વેશન સેન્ટર જેવી સંસ્થાઓના ૪૫૦ જેટલા બાળકો, મહિલાઓને અને વડીલોને નગરના સેવાભાવીઓએ હેતપૂર્વક હોંશે હોંશે દાળ-ભાત, મોહનથાળ, બેશાક, પુરી, ગાંઠિયા અને છાશનું જમણ જમાડયું હતું. બુફે નહી પરંતુ પંગત પાડી સૌને હેતપૂર્વક ભોજન પીરસવામાં આવ્યું હતું. વળી તેઓને અહીં સુધી લાવવા લઈ જવાની વ્યવસ્થા પણ એકતા લાઈન દ્વારા કરવામાં આવી હતી. વળી જેઓ આવી શકયા ન હતા તેવા લોકો માટે ટીફીન પણ મોકલવામાં આવ્યું હતું.

શહેરના જાણીતા ઉદ્યોગપતિઓ એન.પી. પટેલ (વેસ્ટર્ન એગ્રીસીડસ), રમેશભાઈ પટેલ (કેપીટલ ઓફસેટ), શૈલેષભાઈ પટેલ (અંબિકા એન્જીનીયરીંગ), જયંતીભાઈ વઘાસીયા (વૃંદાવન સ્ટીલ), હિરેન યાજ્ઞિક (સાતરંગ પેકેજીસ), નાયડુભાઈ (નાયડુ રેફ્રિજરેશન), દ્રુપદ પટેલ (ઉમિયા ઓફસેટ) અને પ્રકાશભાઈ પટેલ (ભવાની ડેરી) એ આ નિરાધાર બાળકો, તરછોડાયેલા વડીલો અને ભિક્ષુકોને હેતપૂર્વક જમાડી સમાજસેવાનો અનોખો માર્ગ સૌને ચિંધ્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com